सत्यमेव जयते

| | | |
|---|---|---|
| કેસ આવ્યા તારીખ | : | ૦૮/૧૧/૨૦૨૩. |
| કેસ દાખલ તારીખ | : | ૦૮/૧૧/૨૦૨૩. |
| કેસ નિકાલ તારીખ | : | ૨૪/૦૩/૨૦૨૬. |
| અવધિ | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૨ – ૦૪ – ૧૭ |
| આંક | : | |

## FORM - A

## મે. સુરતના સ્પેશ્યલ જજ (પોકસો) તથા ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.

**સ્પે. પોકસો કેસ નંબર : ૩૭/૨૦૨૩.**

| | |
|---|---|
| **પોલિસ સ્ટેશન** | કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશન. |
| **ગુના રજિસ્ટર નંબર** | પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૨૩૨૨–૦૫૨૮/૨૦૨૨. |
| **આક્ષેપિત ગુનાઓ** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪, ૫(જે)(૨), ૫(એલ), ૬ મુજબ. |
| **ફરિયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત) |
| **વિ. એ.પી.પી.** | શ્રી એન. એચ. પટેલ. |
| **આરોપી** | અનમોલ સુખનંદી શાહુ. |
| **આરોપી તરફે વિદ્વાન વકીલ** | શ્રી એમ. પી. વણકર. |

# FORM - B

| | | |
|---|---|---|
| **ગુનો બન્યા તારીખ** | : | ૨૭/૦૫/૨૦૨૨. |
| **ફરિયાદની તારીખ** | : | ૩૧/૦૫/૨૦૨૨. |
| **ચાર્જશીટની તારીખ** | : | ૦૮/૧૧/૨૦૨૩. |
| **તહોમતનામું ફરમાવ્યાની તારીખ** | : | ૧૧/૧૧/૨૦૨૪. |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | : | ૦૧/૦૧/૨૦૨૬. |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | : | ૨૩/૦૩/૨૦૨૬. |
| **ચુકાદાની તારીખ** | : | ૨૪/૦૩/૨૦૨૬. |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | : | લાગુ પડતું નથી. |

## –:: આરોપીની વિગત ::–

| | | |
|---|---|---|
| **આરોપીનું નામ** | : | અનમોલ સુખનંદી શાહુ,<br>રહેવાસી : ગોલુભાઇનું મકાન,<br>રૂમ નંબર : ૧૫, દાદુ મિલની સામ,<br>તાંતીથૈયા, તાલુકો : પલસાણા,<br>જીલ્લો : સુરત.<br>મૂળ રહેવાસી : રીવારા,<br>જીલ્લો : સતના, મધ્યપ્રદેશ. |
| **ધરપકડની તારીખ** | : | ૨૨/૦૯/૨૦૨૨. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | : | ૧૬/૧૦/૨૦૨૩. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | : | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪, ૫(જે)(૨), ૫(એલ), ૬ મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | : | નિર્દોષ ઠરાવી છોડી મૂક્યા. |
| **શું સજા કરી** | : | લાગુ પડતું નથી. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | : | ૩૮૯ દિવસ. |

# FORM - C

## ફરિયાદપક્ષના મૌખિક પુરાવાઓની વિગત :–

| ક્રમ | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| (૧) | ભોગ બનનારના માતા. | ફરિયાદી | ૧૨ |
| (૨) | ભોગ બનનાર. | ભોગ બનનાર | ૧૪ |
| (૩) | મનિષભાઇ મણીલાલ ચૌધરી. | પોલિસ સાહેદ | ૧૯ |
| (૪) | ડૉ. એકતા જયંતુકમાર દેસાઇ. | તબીબી સાહેદ | ૨૪ |
| (૫) | ડૉ. પૂનમબેન ગીરીધરભાઇ વળવી. | તબીબી સાહેદ | ૨૬ |
| (૬) | ધીરજભાઇ નાગરભાઇ પરમાર. | તપાસનીશ અધિકારી | ૩૧ |
| (૭) | જનકબેન ધુળાભાઇ મીર. | તપાસનીશ અધિકારી | ૩૩ |
| (૮) | ચંદ્રકાંત બાબુભાઇ ચૌહાણ. | તપાસનીશ અધિકારી | ૩૪ |

## ફરિયાદપક્ષના દસ્તાવેજી પુરાવાઓની વિગત :–

| ક્રમ | દસ્તાવેજોની વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદ. | ૧૩ |
| (૨) | ભોગ બનનારનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન. | ૧૫ |
| (૩) | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૧૬ |
| (૪) | આરોપીના કપડાં કબજે કર્યાનું પંચનામું. | ૧૭ |
| (૫) | ભોગ બનનારના કપડાં કબજે કર્યાનું પંચનામું. | ૧૮ |
| (૬) | તપાસ સંભાળી લેવાનો હુકમ. | ૨૦ |
| (૭) | સૂચિપત્ર. | ૨૧ |
| (૮) | સ્ટેશન ડાયરીના ઉતારાની ખરી નકલ. | ૨૨ |
| (૯) | ભોગ બનનારની ઉંમર બાબતનું સર્ટીફીકેટ. | ૨૫ |
| (૧૦) | ભોગ બનનારની મેડિકલ તપાસ માટેની પોલિસ યાદી. | ૨૭ |

| | | |
|---|---|---|
| (૧૧) | ભોગ બનનારનું મેડિકલ સર્ટીફીકેટ. | ૨૮ |
| (૧૨) | આરોપીની મેડિકલ તપાસ માટેની પોલિસ યાદી. | ૨૯ |
| (૧૩) | આરોપીનું મેડિકલ સર્ટીફીકેટ. | ૩૦ |
| (૧૪) | રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર. | ૩૫ |
| (૧૫) | મુદ્દામાલ મળ્યા અંગેની એફ.એસ.એલ.ની પહોંચ. | ૩૬ |
| (૧૬) | મુદ્દામાલ મળ્યા અંગેની એફ.એસ.એલ.ની પહોંચ. | ૩૭ |
| (૧૭) | મુદ્દામાલમાંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલીઓ. | ૩૮ થી ૪૩ |
| (૧૮) | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર. | ૪૭ |
| (૧૯) | એફ.એસ.એલ.ના બાયોલોજી તથા સિરોલોજી તપાસણી અહેવાલની ખરી નકલ. | ૪૮ |
| (૨૦) | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર. | ૪૯ |
| (૨૧) | એફ.એસ.એલ.ના ડી.એન.એ. એકઝામિનેશન રિપોર્ટની ખરી નકલ. | ૫૦ |

## –:: ચુકાદો ::–

(૧) આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪, ૫(જે)(૨), ૫(એલ), ૬ મુજબના ગુનાઓનો આક્ષેપ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત જોઇએ તો એ મુજબની છે કે, ફરિયાદીની ભોગ બનનાર દીકરી, ઉંમર ૧૫ વર્ષ, ૮ માસની સગીર વયની હોવાનું જાણવા છતાં આ કામના આરોપીએ તેણી સાથે બદ્કામ કરવાના ઇરાદે પ્રથમ તેણી સાથે મિત્રતા કેળવેલ, વાતચીત કરેલ અને બાદમાં આરોપી તારીખ : ૨૭/૦૫/૨૦૨૨ ના રોજ ૨૦:૩૦ વાગ્યા દરમ્યાન તાંતીથૈયા શાકભાજી માર્કેટ, તાલુકો : પલસાણા, જિલ્લો : સુરત ખાતેથી તેણીનું ફરિયાદીના કાયદેસરના વાલીપણાંમાંથી અપહરણ કરી મુંબઇના ધનસોલી વિસ્તારમાં લઇ ગયેલા, જયાં ચારેક માસ સુધી ભોગ બનનારને રાખેલ અને તે દરમ્યાન ભોગ બનનાર સાથે આરોપીએ

અવારનવાર શરીરસંભોગ કરી બળાત્કાર ગુજારતાં ભોગ બનનાર ગર્ભવતી બનેલ અને બાદમાં ભોગ બનનારે કડોદરા ખાતે તારીખ : ૧૩/૦૭/૨૦૨૩ ના રોજ એક દીકરાને જન્મ આપેલ. આ બનાવ અંગે ભોગ બનનારની માતાએ કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦–૨૩૨૨૦૫૨૮/૨૦૨૨ થી ગુનો નોંધવામાં આવેલ.

(૩) ત્યાર બાદ તપાસનીશ અધિકારીએ સદર ગુનાના કામે તપાસ કરેલ અને આરોપી વિરૂદ્ધ પૂરતાં પુરાવા જણાતાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪, ૫(જે)(૨), ૫(એલ), ૬ મુજબના ગુનાઓનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ, જે ચાર્જશીટ સ્પે. પોકસો કેસ નંબર : ૩૭/૨૦૨૩ થી નોંધાયેલ.

(૪) આ કામના આરોપી સદર ગુનાના કામે જામીન ઉપર મુકત થયેલા છે. આરોપીને મુદતે કોર્ટમાં હાજર રહેતાં તેઓને ચાર્જશીટનાં કેસ પેપર્સની નકલો વિનામૂલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપી વિરૂદ્ધ આંક : ૬ થી તહોમતનામું ફરમાવી આરોપીને તે વાંચી, સંભળાવી, સમજાવી આરોપીનો આંક : ૭ થી જવાબ લેતાં આરોપીએ ગુનો કબૂલ ન હોવાનું જણાવેલ અને પોતાના વિરૂદ્ધની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માંગણી કરેલ.

(૫) ફરિયાદપક્ષ તરફથી આરોપી સામેના આક્ષેપો પૂરવાર કરવા માટે ઉપરોકત ફોર્મ "સી" મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલા છે.

(૬) હાલના કામે ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રીએ આંક : ૫૧ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં આ કામના આરોપીનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ પોતાની વિરૂદ્ધ રજૂ થયેલ પુરાવાઓની આક્ષેપિત હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેઓએ વિશેષમાં

જણાવેલ છે કે, તેઓએ આવો કોઇ ગુનો કરેલ નથી અને તેઓ નિર્દોષ છે.

(૭) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની તથા આરોપી તરફે વિ. વકીલ શ્રી એમ. પી. વણકરની દલીલો સાંભળી.

(૮) સરકાર પક્ષે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલે રજૂઆત કરેલ છે કે, આંક : ૧૩ થી રજૂ ફરિયાદમાં ફરિયાદીએ ભોગ બનનારની બનાવ સમયની ઉંમર ૧૫ વર્ષ જણાવેલ છે. સદર કામે ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હતા તેવી હકીકત ફરિયાદપક્ષ સાહેદોના પુરાવાઓથી પૂરવાર કરી શકેલ છે. ફરિયાદીનો પુરાવો જોતાં એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, ભોગ બનનાર શાકભાજી લેવા માર્કેટ ગયેલ અને ત્યાર બાદ તે પરત આવેલ નહીં. સાહેદ મનિષભાઇ ચૌધરીએ ફરિયાદીની ફરિયાદ લીધેલ અને સદર સાહેદે પોતાના પુરાવાથી ફરિયાદ હકીકતને સંપૂર્ણ સમર્થન આપેલ છે. ડૉકટર સમક્ષની હિસ્ટ્રી ધ્યાને લેતાં આરોપીએ ભોગ બનનારને લગ્નની લાલચ આપેલ અને તેઓ મુંબઇ રહેવા ગયેલા, જયાં ભોગ બનનાર ગર્ભવતી થયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. પોલિસ અધિકારીઓએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીને સમર્થન આપેલ છે. એફ.એસ.એલ.નો ડી.એન.એ. પરીક્ષણ અહેવાલ ધ્યાને લેતાં ભોગ બનનારે જે બાળકને જન્મ આપેલ તે બાળકના પિતા હાલના આરોપી હોવાનું જણાઇ આવે છે. આરોપીએ સગીર વયના ભોગ બનનારને લલચાવી, ફોસલાવી, મુંબઇ લઇ જઇ અવારનવાર શરીરસંભોગ કરી તેણીને ગર્ભવતી બનાવતાં ભોગ બનનારે એક દીકરાને જન્મ આપેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ પૂરવાર કરી શકેલ છે. આમ, ફરિયાદપક્ષ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી આરોપી સામેનો કેસ પૂરવાર કરી શકેલ હોવાથી આરોપીને દોષિત ઠરાવી સખ્ત સજા કરવા વિનંતી કરેલ છે.

(૯) આ કામના આરોપી તરફે વિ. વકીલ શ્રી એમ. પી. વણકરની દલીલ છે કે, સદર કામે ભોગ બનનારની જન્મ તારીખ રેકર્ડ ઉપર આવી શકેલ નથી અને આંક : ૨૪ ના સાહેદ ડૉ. એકતા દેસાઇના પુરાવા મુજબ બનાવ સમયે ભોગ બનનારે ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હતા. બનાવ સમયે

ભોગ બનનાર સગીર વયના હતા તેવું ફરિયાદપક્ષ પૂરવાર કરી શકેલ નથી. ફરિયાદીનો પુરાવો જોતાં આરોપી ભોગ બનનાર કોની સાથે ગયેલ, કયાં ગયેલ, તેણી સાથે શું થયેલ તેની તેઓને ખબર નથી. ફરિયાદીના પુરાવાથી ફરિયાદ હકીકતને સમર્થન મળતું નથી. ભોગ બનનારના પુરાવામાં આવે છે કે, બનાવ સમયે તેઓ ૧૮ વર્ષથી વધુ વયના હતા અને પોતાની મરજીથી આરોપી સાથે ગયેલ, આરોપી સાથે શરીરસંબંધ બાંધેલ, આરોપી સાથે લગ્ન કરેલ અને એક પુત્રને જન્મ આપેલ. આરોપી ભોગ બનનારને લલચાવી, ફોસલાવી લઇ ગયા હોય અને તેણીની મરજી વિરૂદ્ધ શરીરસંભોગ કરેલ હોય તેવું પૂરવાર થઇ શકેલ નથી. મેડિકલ પુરાવામાંથી તથા એફ.એસ.એલ.ના અહેવાલોમાંથી પણ આરોપીને ગુના સાથે સાંકળતી કોઇ હકીકત જણાઇ આવતી નથી. આંક : ૫૦ નો અહેવાલ જોતાં ભોગ બનનારે જે બાળકને જન્મ આપેલ તે બાળકના જૈવિક પિતા આરોપી હોવાનું જણાઈ આવે છે. રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં ભોગ બનનાર પુખ્ત વયના હતા ત્યારે પોતાની મરજીથી આરોપી સાથે ગયેલા, આરોપી સાથે લગ્ન કરી શારીરિક સંબંધ બાંધેલ અને આરોપી સાથેના લગ્નજીવન દરમ્યાન એક પુત્રને જન્મ આપેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. આમ, ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ ન હોવાથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

(૧૦) આ કામે બંને પક્ષોની રજૂઆતો અને પુરાવાઓને ધ્યાને લેતાં હાલના કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઊપસ્થિત થયેલા છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પૂરવાર કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા?

(૨) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પૂરવાર કરે છે કે, આરોપીએ ભોગ બનનાર, ઉંમર ૧૫ વર્ષ, ૮ માસની સગીર વયની હોવાનું જાણવા છતાં તેણી સાથે બદ્કામ કરવાના ઈરાદે મિત્રતા કેળવી તારીખ : ૨૭/૦૫/૨૦૨૨ ના રોજ

૨૦:૩૦ વાગ્યા દરમ્યાન તાંતીથૈયા શાકભાજી માર્કેટ, તાલુકો : પલસાણા, જિલ્લો : સુરત ખાતેથી ફરિયાદીના કાયદેસરના વાલીપણાંમાંથી અપહરણ કરી મુંબઇના ધનસોલી વિસ્તારમાં લઇ ગયેલ, ચારેક માસ સુધી ભોગ બનનારને ત્યાં રાખી, ભોગ બનનાર સાથે અવારનવાર શરીરસંભોગ કરી બળાત્કાર ગુજારી ભોગ બનનારને ગર્ભવતી બનાવતાં તેણીએ તારીખ : ૧૩/૦૭/૨૦૨૩ ના રોજ એક દીકરાને જન્મ આપેલ, તેમ કરી આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ-૪, ૫(જે)(૨), ૫(એલ), ૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે?

(૩) શું હુકમ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**-:: નિર્ણયો ::-**

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**મુદ્દા નંબર - ૧ :-**

(૧૨) હાલના આરોપી વિરૂદ્ધ ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ના ગુનાઓ સંબંધે તહોમત મૂકવામાં આવેલ છે, જે તહોમત સાબિત કરવા માટે ફરિયાદપક્ષે સૌ પ્રથમ ભોગ બનનાર ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ-૨(ડી) મુજબ ૧૮ વર્ષથી નીચેની વયના સગીર વયના હતા કે કેમ તે સાબિત કરવાનું રહે. આ તબકકે નામ. સુપ્રિમ કોર્ટનો

Jarnail Singh vs State of Haryana, (2013) 7 SCC 263 નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી બને છે. નામ. સુપ્રિમ કોર્ટે પેરા નંબર : ૨૦ માં ઠરાવેલ છે કે :–

> *“Even though Rule 12 is strictly applicable only to determine the age of a child in conflict with law, we are of the view that the aforesaid statutory provision should be the basis for determining age, even for a child who is a victim of crime. For, in our view, there is hardly any difference in so far as the issue of minority is concerned, between a child in conflict with law, and a child who is a victim of crime. Therefore, in our considered opinion, it would be just and appropriate to apply Rule 12 of the 2007 Rules, to determine the age of the prosecutrix VW-PW6. The manner of determining age conclusively, has been expressed in sub-rule (3) of Rule 12 extracted above. Under the aforesaid provision, the age of a child is ascertained, by adopting the first available basis, out of a number of options postulated in Rule 12(3). If, in the scheme of options under Rule 12(3), an option is expressed in a preceding clause, it has overriding effect over an option expressed in a subsequent clause. The highest rated option available, would conclusively determine the age of a minor. In the scheme of Rule 12(3), matriculation (or equivalent) certificate of the concerned child, is the highest rated option. In case, the said certificate is available, no other evidence can be relied upon. Only in the absence of the said certificate, Rule 12(3), envisages consideration of the date of birth entered, in the school first attended by the child. In case such an entry of date of birth is available, the date of birth depicted therein is liable to be treated as final and conclusive, and no other material is to be relied upon. Only in the absence of such entry, Rule 12(3) postulates reliance on a birth certificate issued by a corporation or a municipal authority or a panchayat. Yet again, if such a certificate is available, then no other material whatsoever is to be taken into consideration, for determining the age of the child concerned, as the said certificate would conclusively determine the age of the child. It is only in the absence of any of the aforesaid, that Rule 12(3) postulates the determination of age of the concerned child, on the basis of medical opinion.”*

(૧૩) સદર કામે આંક : ૧૩ થી ફરિયાદ રજૂ થયેલ છે, જેમાં ફરિયાદીએ ભોગ બનનારની ઉંમર ૧૫ વર્ષ જણાવવામાં આવેલ છે. ભોગ બનનારના માતાએ પોતાના પુરાવામાં બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષની હતી તેમ જણાવલ છે અને ભોગ બનનારે પણ પોતાની બનાવ સમયની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોવાનું જણાવેલ છે. ફરિયાદીએ ભોગ બનનારની જન્મ તારીખ જણાવેલ નથી. ભોગ બનનારે પણ પોતાની જન્મ તારીખ જણાવેલ નથી. સદર કામે ભોગ બનનારની ઉંમર સંબંધે સ્કૂલ લિવીંગ સર્ટીફીકેટ, જન્મનો દાખલો જેવા કોઈ આધાર પુરાવા રજૂ કરવામાં આવેલ નથી. સદર કામે ફરિયાદપક્ષે ભોગ બનનારની ઉંમર સંબંધે ડૉ. એકતા જયંતકુમાર દેસાઇને આંક : ૨૪ થી તપાસેલા છે. આ સાહેદ સ્મીમેર હોસ્પિટલમાં રેડિયોલોજી વિભાગમાં ફરજ બજાવે છે અને આ સાહેદ સમક્ષ ભોગ બનનારને ઉંમરની ચકાસણી માટે લાવવામાં આવતાં ભોગ બનનારના જમણાં કાંડાનો, જમણી કોણીનો તથા જમણાં થાપાનો એકસ–રે કરવામાં આવેલ, જેના આધારે સદર સાહેદે અભિપ્રાય આપેલ કે, ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષની થઇ ગયેલ છે. આંક : ૨૫ થી ભોગ બનનારની ઉંમર અંગેનું સર્ટીફીકેટ રજૂ થયેલ છે. ઊલટતપાસમાં પણ આ સાહેદે જણાવેલ છે કે, ભોગ બનનારે ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હતા. આમ, ઉપરોકત સાહેદનો પુરાવો તથા આંક : ૨૫ નું સર્ટીફીકેટ ધ્યાને લેતાં બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષથી વધુ હતી તેમ સ્પષ્ટપણે જણાઇ આવે છે. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા તેવી હકીકત ફરિયાદપક્ષ પૂરવાર કરી શકેલ ન હોવાથી **મુદ્દા નંબર : ૧ નો નિર્ણય નકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર – ૨ :–**

(૧૪) આ કામના ફરિયાદી એ ભોગ બનનારના માતા છે. ફરિયાદીને આંક : ૧૨ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદીના પુરાવા મુજબ તારીખ : ૨૭/૦૫/૨૦૨૨ ના રોજ ફરિયાદી સંતોષ મિલમાં કામ પર ગયેલા ત્યારે તેણીના ચારેય સંતાનો ઘરે હતા અને ફરિયાદી સાંજે સાત વાગ્યે ઘરે

આવેલા. ફરિયાદીની તબિયત સારી ન હોવાથી રાત્રે સાડા આઠ વાગ્યે તેમનો દીકરો અને ભોગ બનનાર દીકરી શાકભાજી લેવા ગયેલા અને તેમનો દીકરો એકલો ઘરે આવેલ અને જણાવેલ કે, ભોગ બનનારે તેને શાકભાજી માર્કેટથી રૂમ પર મોકલી આપેલ અને ભોગ બનનાર શાકભાજી લઈને આવી જશે. ત્યાર બાદ રાત્રે નવ વાગ્યા સુધી ભોગ બનનાર ઘરે ન આવતાં ફરિયાદીએ શોધખોળ કરેલ, પરંતુ ભોગ બનનાર મળી આવેલ નહીં. ભોગ બનનાર કોની સાથે ગયેલી, કયાં ગયેલી તેની ફરિયાદીને ખબર નથી. આરોપી ભોગ બનનારને લઈ ગયેલા નહીં. ભોગ બનનાર આરોપી સાથે ગયેલી અને આરોપીએ ભોગ બનનાર સાથે શરીરસંબંધ બાંધેલો તેની તેઓને ખબર નથી. ભોગ બનનાર મળી ન આવતાં તેઓએ આંક : ૧૩ ની ફરિયાદ આપેલી. આરોપી ભોગ બનનારને ભગાડી લઈ ગયેલા અને ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેણી સાથે લગ્ન કરી શરીરસંભોગ કરતાં ભોગ બનનાર ગર્ભવતી બનેલ અને એક દીકરીને જન્મ આપેલ તેની તેઓને ખબર નથી. ફરિયાદીને ફરિયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. ઊલટતપાસમાં જણાવેલ છે કે, ભોગ બનનારની ઉંમર બનાવ સમયે ૧૮ વર્ષથી વધુ હતી. તેઓની ઊલટતપાસમાંથી એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, ભોગ બનનારે આરોપી સાથે લગ્ન કરી લીધેલા છે અને લગ્નજીવનથી સંતાન પણ થયેલ છે. આરોપીએ ભોગ બનનારને લલચાવીને તેણીનું અપહરણ કરેલ નથી. આમ, ફરિયાદીનો પુરાવો જોતાં એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, ભોગ બનનાર શાકભાજી લેવા ગયા બાદ માર્કેટમાંથી પરત આવેલ નહીં, પરંતુ ભોગ બનનાર કયાં ગયેલ, કોની સાથે ગયેલ તે અંગે ફરિયાદી કોઈ જ હકીકત જણાવતાં નથી. આરોપી ભોગ બનનારને લલચાવી, ફોસલાવી ભગાડી લઈ ગયા હોય તે બાબતનો ફરિયાદીએ સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. આરોપીએ ભોગ બનનાર સાથે લગ્ન કરેલા અને લગ્નજીવનથી સંતાન થયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. ઉપર ચર્ચા કરી તે મુજબ બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષથી વધુ હતી તેવી હકીકત રેકર્ડ ઉપર આવે છે. વળી, આરોપીએ બળજબરીથી કે ધમકાવીને ભોગ બનનાર સાથે લગ્ન કર્યા હોય તેવું ફરિયાદીનું કહેવું નથી. ભોગ બનનાર પોતાના સંતાન અને

પતિ/આરોપી સાથે સારી રીતે રહે છે તેમ ફરિયાદીના પુરાવામાંથી જણાઇ આવે છે. આમ, ફરિયાદીના પુરાવામાંથી આરોપી વિરૂદ્ધની કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૧૫) ભોગ બનનારનો આંક : ૧૪ નો પુરાવો જોઇએ તો, ભોગ બનાનર બનાવ સમયે ૧૮ વર્ષથી વધુ ઉંમરના હતા. ભોગ બનનાર પહેલા સંતોષ મિલમાં કામ કરતા હતા અને ત્યાં આરોપી પણ કામ કરતા હતા, એકબીજા સાથે વાતચીત કરતા હતા. ત્યાર બાદ આરોપીએ ભોગ બનનારને તેઓ પ્રેમ કરે છે અને લગ્ન કરવા માંગે છે તેમ જણાવેલ. ભોગ બનનાર પણ આરોપીને પ્રેમ કરતાં હતા, પરંતુ તેઓ મુસ્લિમ ધર્મના હોવાથી અને આરોપી હિંદુ ધર્મના હોવાથી તેણીના માતાપિતા લગ્ન માટે રાજી ન હતા. આરોપીએ ભોગ બનનારના ઘરે આવી લગ્ન માટેની વાતચીત કરતાં ભોગ બનનારના પરિવારે સંમતિ આપેલ નહીં, તેથી તારીખ : ૨૭/૦૫/૨૦૨૨ ના રોજ તેણી રિક્ષામાં બેસીને ચલથાણ ગયેલ, ત્યાંથી સુરત રેલ્વે સ્ટેશન અને ત્યાંથી મુંબઇ ગયેલા, જયાં બિલ્ડીંગ કન્સ્ટ્રકશન સાઇટ પર કામ કરતા હતા અને ભાડાની રૂમમાં રહેતા હતા. ભોગ બનનારે પોતાની મરજીથી આરોપી સાથે શારીરિક સંબંધ બાંધેલ અને ત્યાર બાદ તેણી અને આરોપી તેણીની માતાના ઘરે રહેવા આવેલ અને એક પુત્રને જન્મ આપેલ. ભોગ બનનારના પુરાવામાં એવી હકીકત પણ આવે છે કે, તેણીએ પોતાની મરજીથી આરોપી સાથે લગ્ન કરેલા, જેની જાણ ફરિયાદીને કરેલ ન હતી, તેથી તેણીની માતાએ ફરિયાદ આપેલ. ત્યાર બાદ ભોગ બનનારની મેડિકલ તપાસ કરાવવામાં આવેલ તથા ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવડાવવામાં આવેલ. આંક : ૧૫ થી ભોગ બનનારનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન રજૂ થયેલ છે. ભોગ બનનારે મુદ્દામાલ કપડાં ઓળખી બતાવેલ છે. ભોગ બનનારની ઊલટતપાસમાંથી જણાઇ આવે છે કે, આંક : ૧૫ નું નિવેદન તેણીએ પોલિસના સમજાવ્યા મુજબ લખાવેલ. તેણીએ એ હકીકત પણ જણાવેલ છે કે, તેણીની બનાવ સમયે ઉંમર ૧૮ વર્ષથી વધુ હતી. ભોગ બનનાર અને આરોપીના લગ્ન થઇ ગયેલા છે અને એક પુત્ર સંતાન છે, જેનું ભરણપોષણ આરોપી કરે છે. આરોપીએ લલચાવેલ નથી, ફોસલાવેલ નથી,

અપહરણ કરેલ નથી કે જબરજસ્તીથી શરીરસંભોગ કરેલ નથી તેમ પણ ભોગ બનનારની ઊલટતપાસમાંથી જણાઇ આવે છે. આમ, ભોગ બનનારનો પુરાવો જોતાં આરોપી અને ભોગ બનનાર વચ્ચે પ્રેમસંબંધ હોવાની અને ભોગ બનનાર પોતાની મરજીથી આરોપી સાથે ગયેલ હોવાની તથા પોતાની મરજીથી આરોપી સાથે લગ્ન કરેલ હોવાની હકીકત જણાઇ આવે છે. ખુદ ભોગ બનનારે જણાવેલ છે કે, બનાવ સમયે પોતાની ઉંમર ૧૮ વર્ષથી વધુ હતી. સદર કામે તબીબી પુરાવાથી એ હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે કે, બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષથી વધુ હતી. આમ, ભોગ બનનારે પોતાની ઉંમર ૧૮ વર્ષની થયા બાદ આરોપી સાથે લગ્ન કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. આરોપીએ ભોગ બનનારને લલચાવી, ફોસલાવી તેણીનું અપહરણ કરી બળજબરીથી શારીરિક સંબંધ બાંધેલ હોય તેવું ફલિત થતું નથી. ભોગ બનનારે એક પુત્રને જન્મ આપેલ છે અને આરોપી તેનું ભરણપોષણ સારી રીતે કરે છે. આંક : ૧૫ નું નિવેદન જોતાં ભોગ બનનારને આરોપી સાથે પ્રેમસંબંધ બંધાયેલ, પોતાની મરજીથી આરોપી સાથે ગયેલા અને પોતાની મરજીથી આરોપી સાથે શારીરિક સંબંધ બાંધેલ અને લગ્નજીવનથી એક પુત્ર થયેલ, જેનું આરોપી સારી રીતે ભરણપોષણ કરે છે. આમ, ભોગ બનનારના પુરાવામાંથી આરોપી વિરૂદ્ધની કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૧૬) ભોગ બનનારની તથા આરોપીની મેડિકલ તપાસ આંક : ૨૬ ના સાહેદ ડૉ. પૂનમબેન ગીરીધરભાઇ વળવીનાઓએ કરેલ. આ સાહેદનો પુરાવો જોઇએ તો, તારીખ : ૨૩/૦૯/૨૦૨૩ ના રોજ ભોગ બનનારને વુમન પોલિસ કોન્સ્ટેબલ લઇને આવતાં તેઓએ ભોગ બનનારને તપાસેલા. તેઓએ ભોગ બનનારની ઓળખના ચિહ્નો જણાવેલ છે. ભોગ બનનારની ડિલીવરી તારીખ : ૧૩/૦૭/૨૦૨૩ ના રોજ થયેલ હતી, ભોગ બનનાર ધાવણ કરાવતા હતા. ભોગ બનનારે આ સાહેદ સમક્ષ આપેલ હિસ્ટ્રી મુજબ તેણી આરોપીને ઓળખતા હતા, આરોપીએ લગ્ન કરવાનું જણાવેલ અને લગ્ન કર્યા બાદ મુંબઇ ગયેલા અને પતરાની રૂમમાં રહેતા હતા, તેણી આરોપી થકી ગર્ભવતી થયેલ અને ત્યાર બાદ તાંતીથૈયા આવેલા. ભોગ

બનનારના જરૂરી નમૂનાઓ આ સાહેદે લીધેલા અને સિવિલ હોસ્પિટલ રીફર કરેલા. આંક : ૨૮ થી ભોગ બનનારનું મેડિકલ સર્ટીફીકેટ રજૂ થયેલ છે. આ સાહેદે તે જ દિવસે આરોપીને પણ તપાસેલા. આ સાહેદે આરોપીની ઓળખના ચિહ્નો જણાવેલ છે. આરોપીએ આ સાહેદ આપેલ હિસ્ટ્રી મુજબ, ભોગ બનનાર અને તેઓ સંતોષ મિલમાં સાથે કામ કરતા હતા, એકબીજા સાથે વાત કરતા હતા, મુંબઇ જઇ કામ કરતા હતા અને ભોગ બનનાર ગર્ભવતી થયેલ અને ડિલીવરી સમયે પરત આવેલા. આરોપીના જરૂરી નમૂનાઓ લીધેલા. આ સાહેદના અભિપ્રાય મુજબ આરોપી શારીરિક સંબંધ બાંધવા માટે સક્ષમ હતા. આંક : ૩૦ થી આરોપીનું મેડિકલ સર્ટીફીકેટ રજૂ થયેલ છે. ઊલટતપાસમાંથી જણાઇ આવે છે કે, આરોપી તથા ભોગ બનાનરને મેડિકલ તપાસ માટે પોલિસ યાદી સાથે લાવવામાં આવેલા. આમ, સદર સાહેદ સમક્ષની હિસ્ટ્રી જોતાં ભોગ બનનાર અને આરોપી વચ્ચે પ્રેમસંબંધ હોવાની, ભોગ બનનારે પોતાની મરજીથી લગ્ન કરેલ હોવાની અને આરોપી થકી ગર્ભ રહી જતાં પુત્રને જન્મ આપેલ હોવાનું જણાઇ આવે છે. ભોગ બનનારના શરીર ઉપર ઇજાના કોઇ નિશાન મળી આવ્યા હોય તેમ જણાઇ આવતું નથી. અગાઉ ચર્ચા કર્યા મુજબ બનાવ સમયે ભોગ બનનાર ૧૮ વર્ષથી વધુ વયના હતા, જેથી ભોગ બનનારે પોતાની મરજીથી આરોપી સાથે લગ્ન કર્યા હોવા સંબંધે અને આરોપી થકી પુત્રને જન્મ આપેલ હોવા સંબંધે આરોપીને દોષિત ઠરાવી શકાય નહીં.

(૧૭) સાહેદ મનિષભાઇ મણીલાલ ચૌધરીનો આંક : ૧૯ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશનમાં પી.એસ.ઓ.ના ચાર્જમાં હતા ત્યારે આ કામના ફરિયાદીએ આ સાહેદ સમક્ષ આવી ફરિયાદ હકીકત લખાવેલ અને આ સાહેદે ફરિયાદ લખી લઇ ગુનો રજીસ્ટર કરેલ અને તપાસ પી.એસ.આઇ. શ્રી જી. ડી. મીરનાઓને સુપ્રત કરેલી. આ સાહેદની જુબાની દરમ્યાન આંક : ૨૦ થી તપાસ સંભાળી લેવાનો હુકમ, આંક : ૨૧ થી સૂચિપત્ર તથા આંક : ૨૨ થી સ્ટેશન ડાયરીના ઉતારાની ખરી નકલ રજૂ થયેલ છે. ઊલટતપાસ જોતાં ફરિયાદીએ તેઓ સમક્ષ ભોગ બનનારના જન્મનો દાખલો રજૂ કરેલ નહીં તેમ જણાઇ આવે છે.

આમ, સદર સાહેદે ફરિયાદીના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લઇ ગુનો રજીસ્ટર કરવા પૂરતી જ કામગીરી કરેલ છે.

(૧૮) સાહેદ જનકબેન ધુળાભાઇ મીરનો આંક : ૩૩ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે ફરજ ઉપર હતા ત્યારે સદર ગુનાની તપાસ મળતાં તેઓએ આરોપીના ઘરની ઝડતી તપાસ પંચો રૂબરૂ કરેલી અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને ત્યાર બાદ તેઓને ટ્રેનિંગમાં જવાનું થયેલ હોવાથી આગળની તપાસ શ્રી ડી. એન. પરમારનાઓને સોંપેલી. આમ, સદર સાહેદે ગુનાની તપાસ દરમ્યાન આરોપીના ઘરની ઝડતીનું પંચનામું કરેલું તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ હોવાન પૂરતી કામગીરી કરેલ હોવાનું જણાઇ આવે છે.

(૧૯) સાહેદ ધીરજભાઇ નાગરભાઇ પરમારનો આંક : ૩૧ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ કડોદરા જી.આઇ.ડી.સી.માં પી.એસ.આઇ. તરીકે ફરજ ઉપર હતા ત્યારે સદર ગુનાના તપાસનીશ અધિકારી જે. ડી. મીરનાઓ ટ્રેનિંગમાં ગયેલ હોવાથી આ સાહેદે આગળની તપાસ મળતાં તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને તેઓની બદલી થતાં વધુ તપાસ એ. ટી. રાઠવાનાઓએ કરેલી. આમ, સદર સાહેદે પોતાને મળેલ તપાસ દરમ્યાન ફકત સાહેદોના નિવેદનો નોંધવા પૂરતી જ કામગીરી કરેલ છે. ઊલટતપાસમાંથી જણાઇ આવે છે કે, આરોપી ભોગ બનનારને લઇ જતાં હતા તે બનાવ નજરે જોનાર કોઇ સાહેદોના નિવેદનો આ સાહેદે લીધેલા નથી.

(૨૦) સાહેદ ચંદ્રકાંત બાબુભાઇ ચૌહાણનો આંક : ૩૪ નો પુરાવો જોઇએ તો, આ સાહેદને સદર ગુનાની આગળની તપાસ મળતાં તેઓએ ભોગ બનનારનું નિવેદન લીધેલ, કલમ ઉમેરાનો રિપોર્ટ કરેલ, ભોગ બનનાર તથા આરોપીના બનાવ સમયના કપડાં પંચનામા અન્વયે કબજે લીધેલા, ભોગ બનનારની મેડિકલ તપાસ કરાવેલ તથા તેણીનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવડાવેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, મુદ્દામાલ પરીક્ષણ અર્થે એફ.એસ.એલ. તરફ મોકલી

આપેલ અને આરોપી વિરૂદ્ધ પૂરતાં પુરાવા જણાતાં અદાલતમાં ચાર્જશીટ કરેલું. આ સાહેદની જુબાની દરમ્યાન આંક : ૩૫ થી રવાનગી નોંધ અને સત્તા અંગેનું પ્રમાણપત્ર, આંક : ૩૬ અને આંક : ૩૭ થી એફ.એસ.એલ.ની મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ રજૂ થયેલ છે. સદર સાહેદે મુદ્દામાલ અદાલત સમક્ષ ઓળખી બતાવેલ છે અને આંક : ૩૮ થી આંક : ૪૩ સુધી મુદ્દામાલમાંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલીઓ રજૂ થયેલ છે. આરોપીઓ તરફેની ઊલટતપાસમાંથી જણાઇ આવે છે કે, આ સાહેદે ભોગ બનનારના જન્મનો દાખલો મેળવેલ નહીં અને રિડિયોલોજીના રિપોર્ટ મુજબ ભોગ બનનાર પુખ્ત વયના હતા. આ સાહેદે ભોગ બનનારનું નિવેદન લીધેલ ત્યારે તેણીના શરીરે મારઝૂડના કોઇ નિશાનો ન હતા. સદર કામે આરોપી ભોગ બનનારને લઇ જતાં હોય તે અંગેના કોઇ નજરે જોનાર સાહેદોના નિવેદનો લીધેલ નથી. આ સિવાય તપાસની કામગીરી અંગે પ્રશ્નો પૂછવામાં આવેલા છે, જેનો આ સાહેદે ઇન્કાર કરેલ છે. આમ, સદર સાહેદે ગુનાની આગળની તપાસ કરેલ છે અને તેઓએ તપાસ દરમ્યાન જે કાર્યવાહી કરેલી તે અંગે વિસ્તૃત પુરાવો આપેલ છે, જેનું બચાવપક્ષ ખંડન કરી શકેલ નથી. અલબત્ત, સદર સાહેદના પુરાવાથી એ હકીકત જણાઇ આવે છે કે, ભોગ બનનારની બનાવ સમયની ઉંમર પૂરવાર કરવા તેણીના જન્મનો દાખલો મેળવવામાં આવેલ નથી.

(૨૧) આમ, ઉપરોકત તમામ હકીકતો, તબીબી પુરાવો ધ્યાને લેતાં બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોવાનું પૂરવાર થયેલ છે. ફરિયાદીનો પુરાવો જોતાં ભોગ બનનાર શાકભાજી લેવા ગયા બાદ પરત ન આવતાં ફરિયાદ આપેલી. ફરિયાદીના પુરાવાથી આંક : ૧૩ ની ફરિયાદને સમર્થન મળી શકેલ નથી. આરોપી ભોગ બનનારને લઇ ગયેલા હોય કે તેણી સાથે શરીરસંબંધ બાંધેલ હોય તેની ફરિયાદીને ખબર નથી. ફરિયાદી બનાવના નજરે જોનાર સાહેદ નથી. ભોગ બનનાર અને આરોપી વચ્ચે પ્રેમસંબંધ ચાલી આવેલ અને તેઓ લગ્ન કરવા માંગતા હતા, પરંતુ ભોગ બનનાર મુસ્લિમ ધર્મના હોવાથી તથા આરોપી હિંદુ ધર્મના હોવાથી તેઓના પરિવાર લગ્ન માતે સંમતિ આપે તેમ ન હોવાથી તેઓ મુંબઇ જતા

રહેલા હોવાની હકીકત ભોગ બનનારના પુરાવાથી રેકર્ડ ઉપર આવે છે. રેકર્ડ ઉપર સ્પષ્ટપણે આવે છે કે, ભોગ બનનાર બનાવ સમયે પુખ્ત વયના હતા અને તેણી પોતાની મરજીથી આરોપી સાથે મુંબઇ ગયેલ અને પોતાની મરજીથી આરોપી સાથે શારીરિક સંબંધ બાંધેલ. ભોગ બનનારે પોતાની મરજીથી આરોપી સાથે લગ્ન કરેલા અને આરોપી થકી તેણીએ પુત્રને જન્મ આપેલ. આરોપી ભોગ બનનારને લલચાવી, ફોસલાવી, અપહરણ કરી ગયા હોય અને તેણીની મરજી વિરૂદ્ધ શરીરસંભોગ કરેલ હોય તેવી કોઇ હકીકત ભોગ બનનાર તથા ફરિયાદીના પુરાવામાંથી જણાઇ આવતું નથી. રેકર્ડ ઉપર એ હકીકત પણ આવે છે કે, ભોગ બનનારે પુત્રને જન્મ આપેલ અને આરોપી તેનું સારી રીતે ભરણપોષણ કરે છે. બનાવ સમયે ભોગ બનનાર પુખ્ત વયના હતા અને તેણી પોતાની મરજીથી આરોપી સાથે ગયેલ હોવાનું રેકર્ડ ઉપર આવે છે, ત્યારે રજૂ થયેલ સમર્થનાત્મક સ્વરૂપના દસ્તાવેજી પુરાવાઓનું ખાસ કોઇ મહત્વ રહેતું નથી. આંક : ૪૮ ના અહેવાલમાંથી આરોપીને ગુના સાથે સાંકળતી કોઇ હકીકત જણાઇ આવતી નથી. આંક : ૫૦ નો એફ.એસ.એલ.નો ડી.એન.એ.એકઝામિનેશન રિપોર્ટ જોતાં આ કામના આરોપી ભોગ બનનારે જન્મ આપેલ બાળકના જૈવિક પિતા હોવાની હકીકત જણાઇ આવે છે. સદર કામે રેકર્ડ ઉપર એ હકીકત આવેલ છે કે, ભોગ બનનારે આરોપી સાથે લગ્ન કરેલા અને લગ્નજીવન થકી તેણીએ એક પુત્રને જન્મ આપેલ. ઉપર ચર્ચા કરી તેમ બનાવ સમયે ભોગ બનનાર પુખ્ત વયના હતા તેમ પૂરવાર થયેલ હોવાથી આંક : ૫૦ નો એફ.એસ.એલ.નો અહેવાલ પણ ફરિયાદપક્ષને મદદરૂપ બનતો નથી. પોલિસ સાહેદોના પુરાવામાંથી આરોપી વિરૂદ્ધની કોઇ હકીકત જણાઇ આવતી નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ ન હોવાથી **મુદ્દા નંબર : ૨ નો નિર્ણય નકારમાં** આપવામાં આવે છે અને મુદ્દા નંબર : ૩ ના નિર્ણય અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

(૧) આરોપી અનમોલ સુખનંદી શાહુને ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪, ૫(જે)(૨), ૫(એલ), ૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) તમામ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પૂરાના ૬(છ) મહિનાના સમયગાળા સુધીના જામીન તથા જાત મુચરકા અત્રેની અદાલતમાં રજૂ કરવા તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૨૪ મી**, માહે :** માર્ચ**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૨૪/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
સ્પેશ્યલ જજ (પોકસો) તથા
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594